# BUSINESS મિત્ર

# બજારમાં યુદ્ધનો ફફડાટ: સેન્સેક્સ 1048 પોઈન્ટ તૂટ્યો

**આવતી** કાલે ધૂળેટીના તહેવાર નિમિત્તે શેરબજાર બંધ રહેશે

**ક્રૂડ** ઓઈલના વધતા ભાવ અને વૈશ્વિક અસ્થિરતાને કારણે રોકાણકારોની ભારે વેચવાલી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 2:** વિતેલા સપ્તાહમાં ઈરાન-યુએસ અને ઈઝરાયેલ વચ્ચે થયેલા હુમલાના કારણે વેસ્ટ એશિયામાં તણાવના કારણે ભારતીય શેરબજારમાં મોટા કડાકા સાથે ગેપડાઉન ઓપનીંગ થયું હતું. જોકે, દિવસ દરમ્યાન ભારે કડાકા સાથે શરૂઆત થયા બાદ મિડ સેશન બાદ થોડીક શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું.

પશ્ચિમ એશિયાના હુમલાથી ક્રુડ ઓઈલ ભડેકે બળતુ જોવા મળ્યું હતું. જેની અસર શેરબજાર ઉપર જોવા મળી હતી.

નવા ઓર્ડર આઉટપુટ, એમ્પ્લોયમેન્ટ, સપ્લાયર ડિલીવરી ટાઈમ અને ખરીદીના સ્ટોકના માપદંડથી મેળવેલી એકંદર પરિસ્થિતિને જોતાં મેન્યુફેકચરીંગ પીએમઆઈ ઈન્ડેકસ 55.4થી વધીને 56.9 રહ્યો હતો. જે ચાર મહિનાની ઉંચી સપાટીએ રહ્યો હતો. ઔદ્યોગિક ગતિ વધુને વધુ ઉંચી જઈ રહી છે. જે ગત ઓકટોબર પછી સૌથી મજબૂત હતી.

સેકટર વાઈઝ જોઈએ તો ઓટો, ઓઈલ એન્ડ ગેસ તથા કન્જયુમર ડયુરેબલ્સના શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મેટલ અને ફાર્માના શેરોમાં વધારો થયો છે.

બીએસઈ સેન્સેક્સ 1048.34 પોઈન્ટ એટલે કે 1.29 ટકા તૂટીને 80238.85 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78543 પોઈન્ટ સુધી તૂટયો હતો. જ્યારે ઈન્ટ્રાડેમાં 80632 પોઈન્ટ સુધી વધ્યો હતો. નિફ્ટી 312.95 પોઈન્ટ એટલે કે 24865.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 25000 પોઈન્ટની સપાટી તોડીને 24865.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી.આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24603 પોઈન્ટ સુધી ઘટી હતી, જ્યારે ઉંચામાં 24989 પોઈન્ટ સુધી વધી હતી. બેન્ક નિફ્ટી 689.35 પોઈન્ટ એટલે કે 1.14 ટકા ઘટીને 60000 પોઈન્ટની સપાટી તોડીને 59839.65 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જીએમઆર એરપોર્ટ 7.7 ગણા, ઈન્ડિયન હોટલ્સ 6.11 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટ 4.9 ગણા, ઓએનજીસી 4.73 ગણા અને તેજસ નેટવર્ક 4.52 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે વેન્ટીવ હોસ્પિટાલિટી5.79 ગણા, ચાલેટ હોટલ્સ 5.51 ગણા, તેજસ નેટવર્ક 4.89 ગણા, ઈન્ટરગ્લોબ એવીએશન 4.03 ગણા, કેઈઆઈ ઈન્ડ. 3.96 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ભારે વેચવાલી જોવા મળી હતી. જેના લીધે મિડકેપ અને સ્મોલકેપ શેરોએ નબળું પ્રદર્શન કર્યુ હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.63 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.98 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી પડી હતી. બીએસઈ ખાતે માત્ર 825 શેરો વધ્યા હતા, જ્યારે 3559 શેરો ઘટ્યા હતા અને 157 શેરો યથાવત રહ્યા હતા.

સૌથી વધુ ઓટો શેરો તૂટયા હતા. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 2.20 ટકા ઘટ્યા હતા. જેમાં યુનો મિન્ડા, સોના બીએલડબલ્યુ, સંવર્ધન મધરસન, એકઝાઈડ ઈન્ડ. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીલર્શ, મારૂતિ સુઝુકી, બોશ, આઈશર મોટર, હીરો મોટોકોર્પ અને મહિન્દ્રા-મહિન્દ્રા ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફયુચર્સ 541 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યો છે, જેથી આજે અમેરિકન બજારો નબળા ઓપનીંગના સંકેત આપી રહ્યા છે. અગાઉના મહિનાની તુલનામાં જાન્યુઆરી 2026માં જર્મન રિટેલ વેચાણ 0.9 ટકા ઘટ્યું હોવાથી યુરોપિયન બજારોમાં બે ટકાના ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો ઘટાડા સાથે બંધ રહ્યા હતા. યુએસ અને ઈઝરાયેલ દાયકાઓમાં ઈરાન પર તેમના સૌથી મહાત્વાકાંક્ષી હુમલાઓ શરૂ કર્યા પછી વૈશ્વિક બજારોમાં ઘટાડો જોવાયો હતો.આ સિવાય ચોક્કસ ઉદ્યોગો અને એકંદર અર્થતંત્ર પર એઆઈની અસર વિશે વધતી જતી આશંકા વચ્ચે ઘટાડો જોવાયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.56 ટકા, કેક 2.21 ટકા અને ડેક્સ 2.54 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 1.37 ટકા, સ્ટ્રેઈટસ 2.13 ટકા, હેંગસેંગ 2.18 ટકા, તાઈવાન 0.91 ટકા, જકાર્તા 2.73 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા, જ્યારે શાંઘાઈ 0.47 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## યુદ્ધ ઈફેક્ટ: ડોલર ફરીથી 91ને પાર

કરન્સી બજારમાં આજે ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી, અને ડોલર રૂ. 91ને પાર નીકળ્યો હતો. ઇરાન-યુએસ તથા ઇઝરાયેલ વચ્ચે યુદ્ધના લીધે ડોલરમાં ઉછાળો આવ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 49 પૈસા તૂટીને 91.47ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.98ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.61, પાઉન્ડ 121.96, કેનેડિયન ડોલર 66.76, ઓસ્ટ્રેલિયન ડોલર 64.94, જાપાનીઝ યેન 0.5807 અને સીંગાપોર ડોલર 72.02ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 91.47 રૂ. |
| યુરો | 107.61 રૂ. |
| પાઉન્ડ | 121.96 રૂ. |
| યેન | 0.5810 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1048.34 | 80238.85 |
| નિફ્ટી | -312.95 | 24865.70 |
| બેન્ક નિફ્ટી | -689.35 | 59829.65 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 2.08 | 453.95 |
| હિન્દાલ્કો | 1.65 | 940.00 |
| ઓએનજીસી | 0.89 | 282.20 |
| સન ફાર્મા | 0.89 | 1752.50 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.63 | 1294.40 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 6.36 | 4520.40 |
| લાર્સન-ટુબ્રો | 4.95 | 4066.70 |
| અદાણી પોર્ટસ | 3.33 | 1470.30 |
| મારૂતિ સુઝુકી | 3.16 | 14388.00 |
| ટીએમપીવી | 3.15 | 370.60 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 2.09 | 453.75 |
| સન ફાર્મા | 0.84 | 1752.70 |
| આઇટીસી | 0.38 | 314.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 6.25 | 4521.40 |
| લાર્સન-ટુબ્રો | 5.00 | 4066.45 |
| અદામી પોર્ટસ | 3.33 | 1470.20 |
| મારૂતિ સુઝુકી | 3.29 | 14380.60 |
| એશિયન પેઇન્ટસ | 2.89 | 2307.60 |

# ગોલ્ડ અને સિલ્વર ઈટીએફમાં 7 ટકા સુધીનો વધારો

**ઇરાન-યુએસ-** ઇઝરાયેલના યુદ્ધને કારણે સોના અને ચાંદીની માંગ વધી

મુંબઈ, તા. 2: મધ્યપૂર્વમાં યુએસ-ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે રોકાણકારો સોના-ચાંદી તરફ વળ્યા હતા. જેના કારણે ગોલ્ડ એન્ડ સિલ્વર ઈટીએફમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. આજરોજ શરૂઆતના કારોબારમાં એક તરફ સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ 1.5 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ નિફ્ટી ગોલ્ડ અને સિલ્વર 7 ટકા સુધી વધ્યા છે. આ સૂચવે છે કે રોકાણકારો હવે શેરબજાર કરતા સલામત રોકાણો તરફ આગળ વધી રહ્યા છે.

ટાટા સિલ્વર ઈટીએફ 7 ટકાથી વધુ વધ્યો હતો. તે જ સમયે, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ સિલ્વર ઈટીએફ અને એસબીઆઈ સિલ્વર ઈટીએફ બંને 6 ટકાથી વધુ વધ્યા હતા. નિપ્પોન ઈન્ડિયા સિલ્વર ઈટીએફમાં પણ 6 ટકાથી વધુનો ઉછળો આવ્યો હતો.

સોનાની વાત કરીએ તો આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ ગોલ્ડ ઈટીએફ 5 ટકાથી વધુ, ટાટા ગોલ્ડ ઈટીએફ 5 ટકાથી વધુનો ઉછાળો નોંધાવ્યો છે. તે જ સમયે, નિપ્પોન ઈન્ડિયા ઈટીએફ ગોલ્ડ અને એસબીઆઈ ગોલ્ડ ઈટીએફ 4થી 5 ટકાના વધારા સાથે કારોબાર કરતા જોવા મળ્યા હતા.

આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો થવાને કારણે ઈટીએફમાં વધારો થયો હતો. એમસીએક્સ પર સોનાનો વાયદો ભાવ લગભગ 3.15 ટકા વધીને 1,67,217 રૂપિયા પ્રતિ 10 ગ્રામ 24 કેરેટ પર પહોંચી ગયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં, પ્રારંભિક કોમેક્સ ટ્રેડમાં સ્પોટ ગોલ્ડ 1.86 ટકા વધીને 5345.50 ડોલર પ્રતિ ઔંસ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, ચાંદી પણ 0.81 ટકા વધીને 94.045 ડોલર પ્રતિ ઔંસ પર કારોબાર કરી રહી છે.

બજારના નિષ્ણાતો માને છે કે કિંમતી ધાતુઓમાં અસ્થિરતા ચાલુ રહી શકે છે. ઈતિહાસ બતાવે છે કે સોનું અને ચાંદી યુદ્ધો અથવા મોટી ભૌગોલિક રાજકીય કટોકટી દરમિયાન રક્ષણાત્મક રોકાણો તરીકે વધુ સારૂ પ્રદર્શન કરે છે.

# ડિવિડન્ડ સ્ટોક્સ મંદીમાં ઢાલ બને અને તેજીમાં કમાલ કરે

**સારૂં** ડિવિડન્ડ આપતી કંપનીઓમાં મોટા ભાગની સરકારી કંપનીઓ છે

નવી દિલ્હી, તા. 2: અસ્થિર બજારમાં, રોકાણકારો સ્થિર રહેવાના પ્રયાસ કરે છે, જેમાં એક તો સારા શેરોમાં રોકાણ કરી શકાય છે, પણ જો રોકાણકારોને નિયમિત વળતર ચાલુ રહે તે માટે ડિવિડન્ડ શેરો ઢાલ બની શકે છે. જેઓ રોકાણકારો માટે અત્યંત મૂલ્યવાન બની જાય છે. આમ, નિયમિત ડિવિડન્ડ ચુકવતી કંપનીઓ રોકાણકારો માટે સલામતી જાળ છે જે બજારના વધઘટ વચ્ચે નિશ્ચિત આવક શોધે છે.

ડિવિડન્ડ એ તમારી પોતાની સંપત્તિમાંથી તમને મળતા ભાડા જેવું છે. કંપની પાસે બે વિકલ્પો છે: કાં તો બધા નફાને વ્યવસાય વધારવામાં રોકાણ કરો અથવા તમને તેનો એક ભાગ રોકડમાં આપો. ડિવિડન્ડ ચૂકવતી કંપનીઓ સામાન્ય રીતે પરિપક્વ અને સ્થાપિત વ્યવસાયો હોય છે.

ગયા વર્ષ બજાર માટે રોલર-કોસ્ટર રાઈડથી ઓછું નહોતું. રશિયા-યુક્રેન હોય કે મધ્ય પૂર્વમાં તણાવ હોય, વૈશ્વિક કોમોડિટી બજારમાં ઉથલપાથલ હતી. જેમાં આ અનિશ્ચિતતાએ કેટલીક ભારતીય કંપનીઓને હીરો બનાવી. ધાતુઓની દિગ્ગજ વેદાંત લિમિટેડે દર્શાવ્યું કે કોમોડિટીના ભાવ વધે ત્યારે ડિવિડન્ડ કેવી રીતે કાર્ય કરે છે. વેદાંતે એક વર્ષમાં માત્ર 56 ટકા વળતર જ આપ્યું નહીં, પરંતુ 6.32 ટકા ડિવિડન્ડ યીલ્ડ પણ આપી. આનો અર્થ એ થયો કે જો કોઈ વ્યક્તિ 1 લાખ રૂપિયાનું રોકાણ કરે છે, તો વર્ષના અંતે તેનું મૂલ્ય 1.56 લાખ રૂપિયા હોત, અને તેમને લગભગ 6300 રૂપિયા રોકડમાં મળ્યા હોત. આ કુલ વળતરની શક્તિ છે.

ભારતીય શેરબજારમાં ડિવિડન્ડ ચુકવતી કંપનીઓમાં કોલ ઈન્ડિયા 6.15 ટકા ડિવિડન્ડ યીલ્ડ, બીપીસીએલ 4.65 ટકા ડિવિડન્ડ યીલ્ડ, ઓએનજીસી 4.37 ટકા ડિવિડન્ડ યીલ્ડ, પાવરગ્રીડ 3.75 ટકા ડિવિડન્ડ યીલ્ડ અને વેદાન્તા લિ. 6.32 ટકા ડિવિડન્ડ યીલ્ડ સાથે સમાવેશ થાય છે. આમ, સારૂં ડિવિડન્ડ આપનારી કંપનીઓમાં મોટા ભાગની સરકારી કંપનીઓ છે.

# એમેઝોનની મોટી જાહેરાત: 1000 સુધીની પ્રોડક્ટ્સ પર હવે કોઈ 'રેફરલ ફી' નહીં

**16 માર્ચથી** લાગુ થશે નવો નિયમ; નાના વેપારીઓ અને નવા ઉદ્યોગસાહસિકોને થશે સીધો ફાયદો

નવી દિલ્હી, તા. 2: એમેઝોને ભારતમાં તેના ઈ-કોમર્સ વ્યવસાયને મજબૂત કરવા અને વધુ વેચાણકર્તાઓને આકર્ષવા માટે એક મોટો નિર્ણય લીધો છે. કંપનીએ જાહેરાત કરી છે કે તે હવે રૂ. 1000 સુધીની કિંમતના ઉત્પાદનો પર વેચાણકર્તાઓ પાસેથી કોઈ રેફરલ ફી વસૂલશે નહીં. આ નવો નિયમ 16 માર્ચથી અમલમાં આવશે. રેફરલ ફી એ કમિશન છે જે વેચાણકર્તાઓ એમેઝોનને વેચાયેલી દરેક ઉત્પાદન માટે ચૂકવે છે. કંપની કહે છે કે આ નિર્ણયનો સીધો ફાયદો નાના વેપારીઓ અને નવા ઉદ્યોગસાહસિકોને થશે. ગયા વર્ષે, એમેઝોને રૂપિયા 300 સુધીની કિંમતના આશરે 12 મિલિયન ઉત્પાદનો માટે 'શૂન્ય રેફરલ ફી' નીતિ શરૂ કરી હતી. આ પછી, ભારતમાં નવા વેચાણકર્તાઓની સંખ્યામાં આશરે 50 ટકાનો વધારો થયો. હવે, આ નીતિને રૂપિયા 1000 સુધીની કિંમતના 125 મિલિયનથી વધુ ઉત્પાદનોનો સમાવેશ કરવા માટે વિસ્તૃત કરવામાં આવી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# પાક શેરબજારમાં હાહાકાર: 16000 પોઈન્ટનો કડાકો

**KSE-30** જાન્યુઆરીના ઉચ્ચતમ સ્તરથી 20 ટકાથી વધુ ઘટ્યો

નવી દિલ્હી, તા. 2: સપ્તાહના અંતે ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધે મધ્ય પૂર્વમાં ભૂરાજકીય તણાવમાં વધારો કર્યો છે. આજરોજ પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ KSE 100 ઈન્ડેકસમાં 16000 પોઈન્ટથી વધુ એટલે કે 10 ટકા ઘટ્યો છે. ડોનના અહેવાલ મુજબ, આ ઈન્ડેક્સ માટે એક દિવસનો સૌથી મોટો ઘટાડો હતો. પાક શેરબજાર પર ટ્રેડિંગ થોડા સમય માટે બંધ પણ કરવામાં આવ્યું હતું.

બ્લૂમબર્ગ અનુસાર, KSE-30 ઈન્ડેક્સ પણ દિવસ દરમિયાન 9.8 ટકા ઘટ્યો હતો. ત્યારબાદ એક કલાક માટે ટ્રેડિંગ બંધ કરવામાં આવ્યું હતું. ટ્રેડિંગ ફરી શરૂ થયા પછી, ઈન્ડેક્સનો ઘટાડો 7.3 ટકા સુધી ઘટી ગયો. ગત 28મીએ ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાન સામે ખુલ્લું યુદ્ધ જાહેર કર્યું અને હવાઈ હુમલા શરૂ કર્યા હતા. જેના કલાકોમાં જ, ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ અને ડ્રોન હુમલો કર્યો હતો. ઈરાને મધ્ય પૂર્વના ઘણા દેશો પર પણ હુમલો કર્યો છે.

નવા તણાવને કારણે આજે KSE-30 ઈન્ડેક્સ થોડા સમય માટે મંદીવાળા બજારમાં આવી ગયો હતો.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૭૩૯૦૦ |
| તેજાબી સોનું | ૧૭૩૮૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૬૫૨૦૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૭૦૪૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૭૩૯૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૯૯૮૦૦ |
| ચાંદી સિક્કા | ૩૦૧૩૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

# આયાતુલ્લાહ અલી ખામેનીના લોકેશનની માહિતી ઘરના જ કોઈ ઘાતકીએ આપી હતી



જૂના જમાનાના યુદ્ધોમાં જે રાજા રહેતો તે પોતે યુદ્ધમાં સામેલ થતો અને શત્રુસેના સામે લડતો. આ યુદ્ધમાં રાજાની હત્યા થાય ત્યારે તેના સૈન્યમાં નાસભાગ થતી અને યુદ્ધ પૂરું થઈ જતું. અમેરિકા, ઇઝરાયલ અને ઇરાન વચ્ચેના યુદ્ધના આરંભમાં જ ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા થઈ તેને કારણે ઇઝરાયલનું પલ્લું ભારે થઈ ગયું છે, પણ ઇરાન યુદ્ધ હારી ગયું નથી. ઇરાને ખામેનીના સ્થાને તેના પુત્રની નિમણુક કરીને બદલો લેવાનું ચાલુ રાખ્યું છે. આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા પછી સવાલ એ પૂછાઈ રહ્યો છે કે ઇરાનના ટોચના નેતાઓ પૈકી કોણે ગદ્દારી કરી, જેને કારણે ખામેનીનું લોકેશન મળી ગયું? આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા કરનાર હુમલો મધ્યરાત્રિએ નહીં, પણ દિવસે કરવામાં આવ્યો હતો. આ હુમલો એટલા માટે કરવામાં આવ્યો, કારણ કે અમેરિકા અને ઇઝરાયલે થોડા કલાકો પહેલા મળેલી એક મહત્ત્વપૂર્ણ ગુપ્ત માહિતીનો લાભ લેવાનું નક્કી કર્યું. મહિનાઓથી તેઓ એવી તકની શોધમાં હતા જ્યારે ઈરાનના ટોચના નેતાઓ અને અધિકારીઓ ભેગા થાય. તેમને ખબર પડી કે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેની શનિવારે મધ્ય તેહરાનમાં એક કમ્પાઉન્ડમાં હાજર રહેશે. તેઓ અન્ય લશ્કરી અને ગુપ્તચર અધિકારીઓની મીટિંગના સ્થળો પણ જાણતા હતા.

અમેરિકા અને ઇઝરાયલ મહિનાઓથી ખામેનીની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા હતા. તેમણે જે પદ્ધતિઓનો ઉપયોગ કર્યો તે ગુપ્ત રાખવામાં આવી છે. જોકે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં તેનો સંકેત આપ્યો હતો કે તે આપણી ગુપ્ત માહિતી અને ખૂબ જ અદ્યતન ટ્રેકિંગ સિસ્ટમ્સથી બચી શક્યો નહીં.

આ ગુપ્ત માહિતીનો સ્રોત કોઈ માનવી હોઈ શકે છે, જે ઇઝરાયલને અને અમેરિકાને તેની જાણ કરી રહ્યો હતો. જોકે તે ઈરાની વ્યક્તિઓના ટેકનિકલ ટ્રેકિંગની શક્યતા વધુ હોય તેવું લાગે છે. આ વ્યક્તિ ઇરાનના રાજદ્વારી અથવા લશ્કરી તંત્રમાં ટોચના સ્થાન સાથે જોડાયેલો હોવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઇઝરાયલ અને અમેરિકાની ગુપ્તચર સંસ્થાઓ અગાઉ પણ ઇરાનના ટોચના નેતાઓનું સફળતાપૂર્વક ટ્રેકિંગ કરી ચૂકી છે. ગયાં વર્ષે જૂનમાં ૧૨ દિવસના યુદ્ધમાં, ઇઝરાયલે ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા વૈજ્ઞાનિકો અને અધિકારીઓને નિશાન બનાવ્યા હતા. પછી લોકોની હિલચાલ સમજવા માટે ટેલિકોમ અને મોબાઇલ ફોન સિસ્ટમમાં હેકિંગ કરવાની વાત થઈ હતી. આમાં ક્યારેક ચોક્કસ અધિકારીઓ સાથે જોડાયેલા અંગરક્ષકોની ગતિવિધિઓ પર નજર રાખવાનો સમાવેશ પણ થતો હતો.

ઈરાન જાણતું હતું કે ખામેની તેમના દુશ્મનોના રડાર હેઠળ છે. દુશ્મનોની યુક્તિઓ ઓળખવામાં નિષ્ફળતા ઈરાની સુરક્ષા અને ગુપ્તચર તંત્રની ગંભીર નિષ્ફળતા દર્શાવે છે; અથવા તે ઇઝરાયલ અને અમેરિકાની ટ્રેકિંગના નવા રસ્તાઓ શોધવા માટે સતત તેમની પદ્ધતિઓને અનુકૂલિત કરવાની ક્ષમતા દર્શાવે છે. ઈરાનીઓએ એવું પણ માની લીધું હશે કે દિવસ દરમિયાન હુમલો થવાની શક્યતા ઓછી છે.

આ કિસ્સામાં, ન્યૂ યોર્ક ટાઇમ્સ કહે છે કે ગુપ્ત માહિતી સીઆઈએ તરફથી આવી હતી. આ ગુપ્ત માહિતી ઇઝરાયલને વાસ્તવિક હુમલાને સરળ બનાવવા માટે આપવામાં આવી હતી. એવા સંકેતો છે કે ઈરાન પરના હુમલામાં, ઇઝરાયલે ટોચના નેતૃત્વના હોદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને અમેરિકાએ લશ્કરી થાણાંઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ગુપ્તચર એજન્સીઓએ ખામેની અને અન્ય ઈરાની અધિકારીઓની હિલચાલ વિશે પૂરતી માહિતી એકઠી કરી હતી જેથી લાંબા અંતરની મિસાઇલોનું વહન કરતા જેટનો ઉપયોગ કરીને હુમલો કરવાની યોજના બનાવી શકાય.

આ હુમલો મોટા ઓપરેશનની શરૂઆતનો સંકેત આપવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો અને તકનો લાભ લેવા માટે તેને આગળ ધપાવવામાં આવ્યો હતો.

ઇઝરાયલી જેટ વિમાનોને તેહરાન પહોંચવામાં લગભગ બે કલાક લાગ્યા હશે, પરંતુ ઇઝરાયલે તેના શસ્ત્રો ક્યાં સુધી છોડ્યા તે સ્પષ્ટ નથી.

સ્થાનિક સમય મુજબ સવારે ૯:૪૦ વાગ્યે ઇઝરાયલી જેટે કમ્પાઉન્ડ પર હુમલો કરવા માટે ૩૦ બોમ્બનો ઉપયોગ કર્યો હોવાના અહેવાલ છે. આનું કારણ એ હોઈ શકે છે કે ખામેની પોતાની સુરક્ષા માટે કમ્પાઉન્ડની નીચે ભૂગર્ભ બંકરનો ઉપયોગ કરી રહ્યા હતા. લક્ષ્ય પર ખાતરીપૂર્વક હુમલો કરવા માટે બહુવિધ શસ્ત્રોની જરૂર પડી હતી. ઈરાનમાં અન્યત્ર પણ હુમલા

**યુદ્ધ પોઈન્ટ**

**■ સમકિત શાહ ■**

થયા, જેમાં રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનના કાર્યાલયનો પણ સમાવેશ થાય છે.

ઇઝરાયલે માર્યા ગયેલા લોકોમાં સાત વરિષ્ઠ ઈરાની સંરક્ષણ અધિકારીઓના નામ આપ્યા છે, જેમાં સંરક્ષણ પરિષદના સચિવ અલી શામખાની, સંરક્ષણ પ્રધાન બ્રિગેડિયર જનરલ અઝીઝ નાસિરઝાદેહ અને ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ કમાન્ડર જનરલ મોહમ્મદ પાકપુરનો સમાવેશ થાય છે.

ફ્લોરિડાના માર-એ-લાગોમાં મધ્યરાત્રિ હતી, જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના કેટલાક ઉચ્ચ અધિકારીઓ સાથે હુમલા પર નજર રાખવા માટે બેઠા હતા.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુની પુષ્ટિ કરવામાં કલાકો લાગ્યા હતા. જોકે, ઈરાન આ માટે તૈયાર હતું.

અહેવાલો સૂચવે છે કે માત્ર ખામેની માટે જ નહીં પરંતુ ઘણા વરિષ્ઠ અધિકારીઓ માટે પણ ઉત્તરાધિકારીની યોજનાઓ બનાવવામાં આવી હતી.

આ હત્યાની સમગ્ર સંઘર્ષ પર શું અસર પડશે તે હજુ સ્પષ્ટ નથી. છેલ્લા ત્રણ દાયકાથી સત્તામાં રહેલા ૮૬ વર્ષીય ખામેનીના મૃત્યુની જાહેરાત સૌપ્રથમ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી અને બાદમાં ઈરાનના સરકારી ટેલિવિઝન દ્વારા તેને પુષ્ટિ આપવામાં આવી હતી.

ખામેની વિશ્વના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા નેતાઓમાંના એક હતા. ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિ પછી ઈરાનમાં ફક્ત બે જ સર્વોચ્ચ નેતાઓ રહ્યા છે: આયાતુલ્લાહ રુહોલ્લાહ ખોમેની અને આયાતુલ્લાહ અલી ખામેની. ઈરાનમાં સર્વોચ્ચ નેતા રાજ્યના વડા અને સશસ્ત્ર દળોના પણ સર્વોચ્ચ કમાન્ડર હોય છે, જેમાં ઈરાનના ચુનંદા રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ (IRGC)નો પણ સમાવેશ થાય છે.

ખામેની એક જટિલ વારસો પાછળ છોડી ગયા છે. ઈરાન એક એવો દેશ છે જે એક મજબૂત ધાર્મિક વ્યવસ્થા અને શક્તિશાળી અર્ધલશ્કરી દળોના નિયંત્રણ હેઠળ રહ્યો છે. વિવિધ ઈરાની રાષ્ટ્રપતિઓ ઘણીવાર વિદેશમાં હેડલાઇન્સ બનાવતા હતા, પરંતુ દેશની અંદર વાસ્તવિક નિયંત્રણ ખામેનીના હાથમાં હતું. તેમના પછી ઈરાનની રાજનીતિ શું વળાંક લેશે તે અંગે ફઝ્ઝુર સિદ્દીકી કહે છે કે આ હુમલો ઈરાન માટે એ અર્થમાં સારો રહેશે કે ત્યાં વિરોધ માટે કોઈ સ્થાન રહેશે નહીં, ઓછામાં ઓછા થોડા સમય માટે. ઈરાનમાં તાજેતરના વિરોધ પ્રદર્શનો ત્યાંના લોકો દ્વારા કરવામાં આવ્યા હતા, તેઓ ત્યાંની આર્થિક નીતિઓનો વિરોધ કરી રહ્યા હતા, તે રાજકીય મોડેલ પર નહોતું. આ વિરોધ ખામેની વિરુદ્ધ નહોતો. તે અમેરિકાનું વર્ણન હતું કે લોકો ખામેની વિરુદ્ધ છે. સામાન્ય શિયાઓ હજુ પણ ખામેનીને એક સંપ્રદાયના વ્યક્તિ તરીકે જુએ છે. હાલ પૂરતું, ઈરાનમાં બધા વિરોધને દબાવી દેવામાં આવશે. ત્યાં કોઈ વિરોધ રહેશે નહીં. હાલ પૂરતું, ખામેનીની હત્યા ઈરાનને એક કરશે.

ખામેનીનું સ્થાન ખામેનીના કદનો કોઈ વ્યક્તિ લેશે. આનો અર્થ એ છે કે તે તેમના જેવું જ વિચારશે, તેમના જેવો જ કટ્ટરપંથી હશે અને તેમની વિચારધારા સમાન હશે.

ખામેનીની સ્થિતિમાં, ધર્મનિરપેક્ષ રાજકારણ માટે કોઈ સ્થાન નથી. જો અમેરિકા એવું વિચારે છે કે તે ત્યાંની આખી વ્યવસ્થા બદલી નાખશે, ત્યાં ધાર્મિક નેતૃત્વ માટે કોઈ સ્થાન રહેશે નહીં, ત્યાંનો રાજકીય વંશવેલો સમાપ્ત થઈ જશે, તો મને નથી લાગતું કે ઇરાનમાં આવું કંઈ થવાનું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અમેરિકા અને ઇઝરાયલ મહિનાઓથી ખામેનીની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા હતા. તેમણે જે પદ્ધતિઓનો ઉપયોગ કર્યો તે ગુપ્ત રાખવામાં આવી છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**નોકરી વિષયક**

**લોનની કંપની માટે**
ટેલીકોલર છોકરી જોઈએ છે. પાર્ટટાઈમ /ફુલટાઈમ Location:- નાનપુરા સુરત મો:- 9586817707 (865)

**જોઈએ છે**
સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુવર્ણ તક. સંપર્ક. કાજલબેન પટેલ મોબાઈલ નંબર: 9714134950

**ડિલિવરી બોય**
જોઈએ, કાપોદ્રા, ગોડાદરા, અને સણીયા હેમાદ માટે, 9106587930

**જોઈએ છે.**
પરચુરણ કામ માટે, છોકરા/ છોકરી, જય જલારામ કાપડ સ્ટોર્સ, ટાવરની ગલીમાં, ઝાપાંબજાર.

**FOR RENT**
80,000/-ના માસિક ભાડામાં
બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે.
4000/- સ્કેવર ફીટ
2200/- કાર્પેટ
ક્રોમા પાસે, પીપલોદ
Con:- 9898024032
Dhaval Cyclewala

**મિલ્કત ભાડેથી**

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

**મિલ્કત વેચવાની છે**

**ઘોડદોડ રોડ**
ગોકુલમ ડેરી પાસે શરૂ થતાં નવા બાંધકામમાં 4000 થી 5000 Sq.Ft ડિપાર્ટમેન્ટલ સ્ટોર માટે દુકાન, વેચાણથી આપવાના છે 9377889912/ 9879276073 (870)

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.